**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૫ ટકા

# આજે નોમ : માતાજીનું છેલ્લું નોરતું

## માતાજીને ઢોલ, નગારા, ડીજેના સથવારે, અબીલ ગુલાલની છોળ વચ્ચે વિદાય આપવામાં આવશે

ગાંધીનગર, તા.૧૩

આજે મહાનવરાત્રીનું પાવન પર્વ વિદાય લે છે. નવરાત્રીનું નવમું નોરતું અર્થાત અંતિમ નોરતું એટલે માતા સિધ્ધિદાત્રીની પૂજા અર્ચના કરવાનો દિવસ. નવરાત્રીનો છેલ્લો દિવસ નવ દુર્ગાના નવમા સ્વરૂપ એવા માતા સિધ્ધદાત્રીનાં નામે છે. સિધ્ધિઓ આપનારી એટલે સિધ્ધિદાત્રી. માતા સિધ્ધિદાત્રી પાર્વતીનું જ એક રૂપ છે. નવરાત્રિનો આ છેલ્લો દિવસ માતા સિધ્ધિ દાત્રીને સમર્પિત હોય છે.

નવરાત્રી પર્વના આઠ નોરતા પૂર્ણ થયા છે. જેમાં ખેલૈયાઓએ મનભરીને ગરબાની રમઝટ બોલાવી છે. શહેરમાં શેરી ગરબામાં પણ આ વર્ષે ઉત્સાહપૂર્વક નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી છે. દરેક સેકટરો અને વસાહતોમાં માતાજીની આરાધના પ્રાચીન રીતરીવાજો દ્વારા કરવામાં આવી છે. જેમાં ઈકો ફ્રેન્ડલી ગરબો માથે મુકીને માતાજીના શ્રધ્ધાળુઓ એક પછી એક એમ માથે ઘણા બધા માટીનો ગરબો મુકીને પણ ગરબા રમી રહ્યા છે. આ પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. જે આ વર્ષે વધારે પ્રમાણમાં જોવા મળી હતી. ઉપરાંત શેરી-સોસાયટીઓમાં વિવિધ વેશભૂષાઓ થકી નવરાત્રીની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી છે. નવદિવસ માતાજીની પૂજા અર્ચના કર્યા બાદ ઢોલ-નગારા, ડીજેના સથવારે તથા અબીલ ગુલાલની છોળ વચ્ચે માતાજીને ભકિતભાવપૂર્વક વિદાય આપવામાં આવશે.



નવરાત્રીના પ્રથમ દિવસે ઘટ સ્થાપન કરવામાં આવ્યું હતું. જે આજે માતાજીનો ગરબો વળાવીને માતાજીને વિદાય આપવામાં આવશે. શહેરમાં પંચદેવ મંદિર, સે-૧૭, ઉપરાંત વિવિધ સ્થળોએ માતાજીના ગરબાને શ્રધ્ધાપૂર્વક વિદાય અપાશે. માતાજીની હજારો દિવાઓ પ્રગટાવીને આરતી પૂજા પણ કરવામાં આવશે. આજે અંતિમ દિવસે ખેલૈયાઓ મન ભરીને ગરબે ઘૂમશે.

નવરાત્રિ પર્વની પૂર્ણાહુતી સાથે આજે ગરબો ઉત્થાપન કરવાનો રિવાજ છે. માઈ ભકતો દ્વારા રંગેચંગે માતાજીની પૂજા અર્ચના કરી નવરાત્રી પર્વની ઉત્સાહપૂર્વક પૂર્ણાહુતિ કરાશે અને માતાજીને સુખ શાંતિની પ્રાર્થના કરીને વિદાય આપવામાં આવશે.

### સિધ્ધિઓ આઠ છે

**માતા સિધ્ધિદાત્રી કમળ અથવા સિંહ પર સવાર હોય છે. અલૌકક મુખકાંતિ ધરાવતું એમનું દર્શન પાવનકારી છે. માતાજીને ચાર હાથ છે. જેમાં ચક્ર, ગદા, શંખ, કમળ રહેલ છે. માતાજીનું આ રૂપ કલ્યાણ આપનારું છે. સિધ્ધિઓ આઠ છે. (૧) અણિમા (૨) ગરિમા (૩) મહિમા (૪) લઘિમા (૫) પ્રાપ્તિ (૬) પ્રાકલ્ય (૭) ઈશિત્વ (૮) વશિત્વ. સિધ્ધિઓ માતાજીની ભકિત કરવાથી પ્રાપ્ત થાય છે.**

## મહાત્મા ગાંધી વિદ્યા મંદિરે 'કર ભલા હોગા ભલા'ની ઉકિત સાર્થક કરી

ગાંધીનગર, તા.૧૩

મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેકટર-૧૬ ખાતે ધોરણ-૯થી ૧૨ના તમામ વિદ્યાર્થી ભાઈઓ બહેનો માટે ન્યુ યુનિફોર્મનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ન્યુ યુનિફોર્મથી શાળાના દરેક વિદ્યાર્થી ભાઈઓ બહેનો પોતાની આગવી શૈલીમાં અલગ જ દેખાતા હતા અને દાતા અશ્વિન શર્મા તથા શિવાંગ અશોકભાઈ ગોસ્વામીએ શાળાના દરેક વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને બે નંગ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. દીનદયાલ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર સે-૬ના ધવલ પટેલ દ્વારા શાળાની તમામ બહેનોને સેનેટાઈઝ પેડનું એક પેકેટ વિતરણ કરવામાં આવ્યું હતું. દાતાની ભેટથી શાળાના દરેક વિદ્યાર્થી ભાઈઓ-બહેનોના મુખ પર હર્ષનું સ્મિત દેખાતું હતું. આ પ્રસંગે શાળાના કો ઓર્ડિનેટર નટુભાઈ લાડાણી, આચાર્ય હસમુખભાઈ પટેલ, સહિત શાળા ગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આર.જી. પટેલ શાળાની વિદ્યાર્થીનીઓનો કલા ઉત્સવ -૨૦૨૧માં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા.૧૩

આર.જી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓનો કલા ઉત્સવ અંતર્ગત QDC કક્ષાએ આયોજિત વિવિધ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ રહ્યો હતો. કલાઉત્સવ ૨૦૨૧ અંતર્ગત આયોજિત આ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય ક્રમે વિજેતા બનેલ સ્પર્ધકોને અનુક્રમે ૩૦૦, ૨૦૦ અને ૧૦૦ રૂપિયાના રોકડ પુરસ્કારો એનાયત કરી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. માધ્યમકિ વિભાગમાં કાવ્યગાન સ્પર્ધામાં પ્રાચી સોલંકી (ધો-૯), વકતૃત્વ સ્પર્ધામાં પરિહાન મનસુરી(ધો-૯), નિબંધ સ્પર્ધામાં પાયલ બિહોલા (ધો-૧૦), ચિત્ર સ્પર્ધામાં નિરાલી કેશવાલા (ધો-૯) તથા ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કાવ્યગાન સ્પર્ધામાં અંજલી પરમાર (ધો-૧૧), વકતૃત્વ સ્પર્ધામાં મિશ્વા જાની (ધો-૧૨), નિબંધ સ્પર્ધામાં ખુશી સરવૈયા (ધો-૧૧), ચિત્ર સ્પર્ધામાં કૃપા દામા (ધો-૧૧) પ્રથમ નંબરે વિજેતા બન્યા હતા. QDC-2 ના કન્વીનર ગીતેષભાઈ પટેલે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# શહેરમાં જામ્યો નવરાત્રીનો માહોલ

## વિવિધ શાળા-કોલેજો, સંસ્થાઓમાં નવરાત્રી પર્વની ઉજવણી

●●●

**સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલ**



સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલના બાળકો અને પરિવાર સાથે નવરાત્રી શેરી ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. સ્કૂલ દ્વારા વિવિધ પુરસ્કાર પણ રાખવામાં આવ્યા હતા. જેમાં બેસ્ટ ડ્રેસ એવોર્ડ ફોર મોમ એન્ડ કિડ, બેસ્ટ ડ્રેસ એવોર્ડ ફોર સ્માર્ટ ફેમિલી, નોન સ્ટોપ ગરબા જેવા પુરસ્કાર આપીને વિજેતાને પુરસ્કૃત કર્યા હતા.

●●●

**ઝૂલેલાલ સાંઈબાબા મંદિર**



ઝૂલેલાલ સાંઈબાબા મંદિર, સે-૩૦માં ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બાળકો, યુવાનો, માતાઓ, બહેનો ધામધૂમથી ગરબા રમે છે. પ્રોત્સાહન રૂપે ઈનામ વિતરણ કરવામાં આવે છે. પ્રસાદ, નાસ્તા, ગરબાનું સુંદર આયોજન મંદિરના હોદ્દેદારો નિર્મલ જેસવાની, અનિલ જયસિંઘાની, રમેશ જેસવાની, મિનાક્ષી જયસિંઘાની સર્વે કમિટી મેમ્બરોએ કરી છે.

●●●

**ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલમાં નવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. સ્કૂલના પ્રાગણમાં મા શક્તિના સાનિધ્યમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળામાં આનંદમય શક્તિ સભર આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું. ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી તેમજ શિક્ષક ગણ વિદ્યાર્થીઓ સાથે તાલમાં તાલ મિલાવી ગરબે ઘૂમ્યા હતા. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને બેસ્ટ ડ્રેસ તેમજ બેસ્ટ ડાન્સ માટે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

●●●

**વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ**

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સૌ પ્રથમ મા જગદંબાની પૂજા અર્ચના તથા આરતી કરવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ ખૂબ જ સુંદર રીતે આરતીની થાળી સુશોભિત કરી હતી અને માતાજીની આરતી કરી હતી. ત્યારબાદ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા નવરાત્રી વિશે સમજૂતી આપવામાં આવી હતી. ત્યારબાદ નવરાત્રિનું મહત્વ દર્શાવતી વાર્તાઓ કહેવામાં આવી હતી. ત્યારબાદ બાળકોએ ઓનલાઈન તથા ઓફલાઈન રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. આ નવરાત્રી સેલિબ્રેશનમાં બેસ્ટ પર્ફોમન્સ, બેસ્ટ કોસ્ચ્યુમ અને આરતી થાળી ડેકોરેશનમાં બાળકોને નંબર આપવામાં આવ્યા હતા. અને બાળકોએ આ રાસોત્સવમાં મન ભરી ને રાસ ગરબા કર્યા હતા અને માતાજીની આરાધના કરી હતી.




●●●

**શિવશકિત મંદિર ચોક, સે-૩ ન્યૂ**



શિવશકિત મંદિર ચોક સેકટર-૩ ન્યૂ ખાતે નવરાત્રિ મહોત્સવ નિમિત્તે સૌ વસાહતીઓએ મંદિરે ભેગા મળી માથે ગરબો મુકી શ્રધ્ધા સાથે ગરબા ગાયા હતા.

●●●

**કેશવપાર્ક સોસાયટી, વાવોલ**



કેશવપાર્ક સોસાયટી વાવોલ ખાતે સોસાયટીમાં નવરાત્રીની મજા માણતા ત્યાંના રહીશો અને વડીલો.

●●●

**શિવશકિત મંદિર, સેકટર-૫-સી**



શિવશકિત મંદિર સેકટર-૫-સીમાં નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં સમગ્ર આયોજન યુવા ગ્રુપના પ્રમુખ નરેશ દવે, નિલેશ મોદી, આશિષ દરજી, મનોજ જોષી, ડૉ. મનીષ પ્રજાપતિ, તેજસ દવે, ગૌરવ પારેખ, હિતેન પારેખ, જીમિત જોષી, દિવ્યાંગ ત્રિવેદી, ત્રીપુન ત્રિવેદી, ગોપીમંડળના શારદાબેન પટેલ, ગીતાબેન જોષી, ગીરાબેન જોષી, નયનાબેન પુરોહિત, વર્ષાબેન પારેખ, વડીલો મુકેશભાઈ તથા મહીપત રાજપૂત, ભરતભાઈ નિનામા, સુરેશભાઈ પ્રજાપતિ, મહેશભાઈ, પ્રવીણભાઈ, વિષ્ણુભાઈ તથા સોસાયટીના રહીશોએ સાથ આપ્યો હતો.

●●●

**શ્યામ શુકન રેસીડેન્સી, પીડીપીયુ**



શ્યામ શુકન રેસીડેસી ખાતેની સોસાયટી ખાતે મહિલાઓએ વેશભૂષામાં ભાગ લઈને નવરાત્રી પર્વ વિશિષ્ટ રીતે ઉજવ્યો હતો.

●●●

**રોટરી કલબ ઓફ કેપિટલ**

રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા આદર્શ નિવાશી શાળા સે-૮ ખાતે ગરબા સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત કવીઝ કોમ્પિટીશનના વિજેતાને ઈનામ અર્પણ અને રોટરી કલબ સાથે જોડાયેલ નવા કોર્પોરેટર્સનું અભિવાદન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે રૂચિરભાઈ દ્વારા શાળાની દિકરીઓએ સુંદર ગરબા રજૂ કર્યા તે બદલ અભિનંદન આપી ૧૦,૦૦૦ની સહાય અર્પણ કરી હતી. કવીઝ સપર્ધામાં કુલ ૧૪ ઈનામો આપ્યા હતા. સંસ્થાના સ્થાપક પ્રમુખ જગતભાઈ કારાણી દ્વારા ખાસ ઈનામ ઘોષિત કરવામાં આવેલ હતું. ગરબા કોમ્પિટીશનના નિર્ણાયક તરીકે આશા બા સરવૈયા તેમજ પ્રજ્ઞાબેન ગજજરે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી પાર્થ ઠકકરે કર્યુ હતું.

●●●

**શાલીન-૪માં વેશભૂષાએ રંગ જમાવ્યો**



નવરાત્રિના પાવન પર્વની ઉજવણીમાં યોજાયેલા શેરી ગરબામાં છેલ્લા કેટલાક સમયથી એક ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જે અનુસાર સોસાયટીઓમાં પાછળના નોંરતામાં વેશભૂષાની હરીફાઈ યોજવામાં આવી રહી છે. વાવોલની શાલીન-૪ એપાર્ટમેન્ટ સોસાયટીમાં પણ દર વર્ષે સાતમની રાત્રે વેશભૂષા હરિફાઈ યોજવામાં આવે છે જેમાં સોસાયટીનાં બાળકોથી વડીલો સુધીના વસાહતીઓ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. આ વર્ષે પણ યોજાયેલી વેશભૂષામાં વસાહતીઓ દ્વારા અનેકવિધ પ્રકારનાં પાત્રો ભજવવામાં આવ્યાં હતાં જેમાં શ્રીકૃષ્ણ સુદામા, ભગવાન પરશુરામ, કાવડમાં મા-બાપને લઈ જતો શ્રવણ, મહાનાયક અમિતાભ બચ્ચન, ચારણ કન્યા, જેસલ જાડેજા, મંગલસિંહ ડાકુ, બાબુરાવ, ડોરેમોન, સોશિયલ મિડીયા કી ચિડિયા અને કીટીપાર્ટી જેવા પાત્રો સહિત બાળકોના વિવિધ પરફોર્મન્સ વગેરેએ રંગ જમાવ્યો હતો.

## જન્મદિને વધામણી



હેમાંગભાઈ દોશી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ, ટ્રસ્ટી



અશ્વિન કે વ્યાસ (કૂકર)
મો. ૯૮૨૫૦ ૩૯૦૪૯



જીલ પટેલ
મો. ૬૩૫૫ ૭૮૩ ૦૮૦



ફાલ્ગુની
કમલેશકુમાર પરમાર



સંદીપકુમાર
ગણપતભાઈ પ્રજાપતિ
મો. ૯૫૭૪૯ ૫૩૨૧૩



સ્તુતિ નિલેશ પટેલ
મો. ૯૯૭૪૧ ૦૩૭૪૧



મોહિત કનુભાઈ પટેલ
મો. ૭૦૪૮૨ ૯૫૩૮૬



વાઘેલા જયદીપસિંહ
સુરેન્દ્રસિંહ
મો. ૭૮૧૭૦ ૫૦૧૭૨



ધનવી મયુર જોષી



વાઘેલા બલવંતસિંહ
પ્રભાતસિંહ
મો. ૮૫૧૧૦ ૭૭૧૭૫



ઉર્વશીબેન



પ્રજાપતિ વિષ્ણુભાઈ
કાંતિભાઈ
મો. ૯૭૨૫૨ ૧૮૬૬૯



તન્નુબેન

## રાજપૂત સમાજ દ્વારા ૧૫મીએ શસ્ત્ર પૂજન યોજાશે

શ્રી રાજપૂત સમાજ, ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ આયોજિત આગામી દશેરા પર્વની ઉજવણી રૂપે ૧૫મીને શુક્રવારના રોજ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ કલાકે રાજપૂતોની સંસ્કૃતિ અનુસાર 'શસ્ત્ર પૂજન' અને ગાંધીનગર મહાનગરપાલિકામાં તેમજ જિલ્લા પંચાયત ગાંધીનગરમાં ચૂંટાયેલા નવા પ્રતિનિધિઓનો સન્માન સમારંભ રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ બાદ સુરૂચિ ભોજન રાખવામાં આવ્યું છે. રાજપૂત સમાજના પ્રમુખશ્રી ડૉ. શંકરસિંહ રાણા તથા શ્રી વિક્રમસિંહ ગોલ અને મહામંત્રી શ્રી પ્રદિપસિંહ બિહોલાએ તમામ રાજપૂત ભાઈ-બહેનોને સહપરિવાર ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પ્રજાપતિ નારણભાઈ કુંવરજી, ઉ.વ. ૬૮, સેકટર-૪

● રૂદ્રભૂમિ ●

- સ્વ. પટેલ મંજુલાબેન નટવરલાલ, ઉ.વ. ૫૬, કુડાસણ
- સ્વ. પટેલ પાર્થકુમાર અશ્વિનકુમાર, ઉ.વ. ૧૭, સેકટર-૨